# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિધ્યાર્થીઓને પરીક્ષા સમયે તણાવથી દૂર રહેવા માર્ગદર્શન આપ્યું.**
2) **પ્રધાનમંત્રી ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાતે જવા રવાના- આવતીકાલે પેરિસમાં AI શિખર સંમેલનની સહ અધ્યક્ષતા કરશે.**
3) **સંસદમાં કેન્દ્રીય અંદાજપત્ર પર ચર્ચા ફરી શરૂ થઈ.**
4) **રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે સરકારે મહાકુંભ માટે પ્રયાગરાજ શહેરના આઠ રેલ્વે સ્ટેશનો પર ખાસ વ્યવસ્થા કરી છે.**
5) **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે બેંગલુરુમાં એરો ઈન્ડિયા શોનું ઉદ્ઘાટન કર્યું.**
6) **નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામામોહન નાયડુએ દેશભરમાં વધુને વધુ વિમાનીમથક બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા દોહરાવી.**

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે બોર્ડની પરીક્ષા અંગે વાતચીત કરી હતી અને પરીક્ષાનાં તણાવથી કઈ રીતે દૂર રહેવું તેનું માર્ગદર્શન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આહારથી માંડીને વ્યવહાર અને વિચાર સુધીનો ગુરુમંત્ર આપ્યો હતો.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ઉંઘ પૂરી આવે છે કે નહીં તેનો સંબધ પોષણ સાથે છે. ચર્ચા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાજરી અને શાકભાજીના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે પરીક્ષાની મોસમ દરમિયાન થતાં દબાણ છતાં વિદ્યાર્થીઓએ સકારાત્મક રહેવું જોઈએ.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાને કેવી રીતે દૂર કરવી તેનું માર્ગદર્શન આપ્યું હતું.

**(BYTE : PM)**

ભુજની વિધ્યાર્થીની મિતાલી ઝાલાએ પરીક્ષા પે ચર્ચામાં ભાગ લેતા આ મુજબ જણાવ્યું....

**(BYTE : MITALI ZALA)**

# PM FRANCE US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાંસ અને અમેરિકાના રાજદ્વારી પ્રવાસ માટે રવાના થયા છે. નવી દિલ્હીથી રવાના થતા અગાઉ તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ મેક્રોના આમંત્રણ પર હું તારીખ 10 થી 12 ફેબ્રુઆરી દરમિયાન ફ્રાન્સની મુલાકાત લઈશ. પેરિસમાં હું AI એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરવા માટે આતુર છું. જે વિશ્વના નેતાઓ અને વૈશ્વિક ટેક સીઈઓનું એક સંમેલન છે.

પ્રધાનમંત્રી ફ્રાંસના રાષ્ટ્રપતિ મેક્રો સાથે ભારત-ફ્રાંસ વ્યૂહાત્મક ભાગીદારી માટે 2047 હોરાઇઝન રોડમેપ પર પ્રગતિની સમીક્ષા કરશે અને માર્સિલેનીમાં પ્રથમ ભારતીય કોન્સ્યુલેટનું ઉદ્ઘાટન કરશે તેઓ  આંતરરાષ્ટ્રીય થર્મોન્યુક્લિયર પ્રાયોગિક રિએક્ટર પ્રોજેક્ટની પણ મુલાકાત લેશે અને પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપનારા ભારતીય સૈનિકોને મઝારગ્યૂઝ યુદ્ધ કબ્રસ્તાનમાં શ્રદ્ધાંજલિ પણ આપશે.

ફ્રાંસથી તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર બે દિવસની યુનાઇટેડ સ્ટેટ્સની મુલાકાતે જશે. જાન્યુઆરીમાં ટ્રમ્પની ઐતિહાસિક ચૂંટણી જીત અને શપથગ્રહણ પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલી મુલાકાત છે. તેમણે પોતાના નિવેદનમાં ટ્રમ્પના અગાઉના કાર્યકાળમાં થયેલી ભાગીદારીને પણ યાદ કરી હતી.

# PRESIDENT-DHAMI - MAHAKUMBH

અને હવે સાંભળીએ મહાકુંભ અંગેના સમાચાર ..

## (KUMBH OPENING)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પ્રયાગરાજ મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

રાષ્ટ્રપતિએ પ્રયાગરાજમાં અક્ષયવટ અને બડે હનુમાન મંદિરમાં પણ દર્શન કર્યા હતા. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબને પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા હતા.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આજે તેમના પરિવાર સાથે પ્રયાગરાજના ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું. તેમની મુલાકાત દરમિયાન, શ્રી ધામીએ મા ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર પ્રાર્થના કરી. ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ તેને "ધાર્મિક મહાપર્વ" ગણાવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી 43 કરોડ શ્રધ્ધાળુઓએ મહાકુંભની મુલાકાત લીધી છે અને ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી છે.

## (KUMBH CLOSIING)

# LOSS BUDGET DISCUSSION

આજે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2025-26 પર ચર્ચા ફરી શરૂ થઈ. ડીએમકે પાર્ટીના દયાનિધિ મારને આરોપ લગાવ્યો કે એનડીએ સરકારે આ અંદાજપત્ર માં સંપૂર્ણપણે કોર્પોરેટ ગૃહોનો પક્ષ લીધો છે અને બેરોજગારી અને ફુગાવા સહિત સામાન્ય લોકોની વાસ્તવિક સમસ્યાઓ પર ધ્યાન આપ્યું નથી.

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અનુરાગ સિંહ ઠાકુરે 2025-26 ના અંદાજપત્ર ની પ્રશંસા કરી અને કહ્યું કે રાષ્ટ્રીય કલ્યાણ માટે આ અંદાજપત્ર માં દરેક ક્ષેત્ર માટે પૂરતી રકમ ફાળવવામાં આવી છે. તેમણે કહ્યું કે વર્ષ 2013-14માં સંરક્ષણ અંદાજપત્ર 2 લાખ કરોડ રૂપિયા હતું જે હવે વધારીને 6 લાખ 81 હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે રેલવે અંદાજપત્ર પણ રૂ. 27 હજાર કરોડથી વધારીને રૂ. 2 લાખ 55 હજાર કરોડ કરવામાં આવ્યું છે.

# REV RS-BUDGET

રાજ્યસભામાં આજે સામાન્ય અંદાજપત્ર 2025-26 પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા શરૂ કરતા કોંગ્રેસના પી ચિદમ્બરમે કહ્યું કે વર્તમાન શાસનકાળમાં GDPમાં દેશના ઉત્પાદનનો હિસ્સો ઘટી ગયો છે. શ્રી ચિદમ્બરમે આર્થિક સર્વે 2025 ને ટાંકીને કહ્યું કે 2014 માં ઉત્પાદનનો હિસ્સો 15.07 ટકા હતો પરંતુ 2019 માં તે ઘટીને 13.46 ટકા અને 2023 માં 12.93 ટકા થયો.

કોંગ્રેસના સભ્યોના આરોપોનો જવાબ આપતા, ગૃહના નેતા જે પી નડ્ડાએ ઉત્પાદન સહિત વિવિધ ક્ષેત્રોમાં સરકારે લીધેલા અનેક પગલાંની માહિતી આપી હતી. ભાજપના દિનેશ શર્માએ કહ્યું કે આ અંદાજપત્રમાં મહિલાઓ અને સમાજના અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના સશક્તિકરણ માટે ખાસ જોગવાઈઓ છે.

DMK ના તિરુચી શિવાએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર રાજ્યોને મળનારી કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ માટે પોતાનો હિસ્સો મુક્ત કરી રહ્યું નથી. તેમણે એમ પણ કહ્યું કે રાજ્યને ભંડોળનું વિનિમય પણ તર્કસંગત નથી

BJD ના દેબાસિહિષ સામંતરાયે કેન્દ્ર પાસે ઓડિશા રાજ્યને વિશેષ દરજ્જો આપવા, ખનિજો પર રોયલ્ટી વધારવા અને રાજ્યને રેલ્વે પ્રોજેક્ટ્સ આપવાની માંગ કરી.

શિવસેનાના મિલિંદ મુરલી દેવરાએ અંદાજપત્ર ની પ્રશંસા કરી અને કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ દેશ પ્રગતિ કરશે.

સપાના રામજી લાલ સુમન, એજીપીના બિરેન્દ્ર પ્રસાદ વૈશ્ય અને કોંગ્રેસના અખિલેશ પ્રસાદ સિંહે ચર્ચામાં ભાગ લીધો હતો. ચર્ચા ચાલુ છે.

Upload National Evening News 10-02-2025 at 7.50-8.00pm-7

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# ASHWINI VAISHNAV-MAHAKUMBH

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે માઘી પૂર્ણિમાના સ્નાન પહેલા પ્રયાગરાજ રેલ્વે સ્ટેશનના સંચાલનનું નિરીક્ષણ કર્યું હતું. પત્રકારો સાથે વાત કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારે મહાકુંભ માટે શહેરના આઠ રેલ્વે સ્ટેશનો પર ખાસ વ્યવસ્થા કરી છે.

રેલ્વે મંત્રાલયે કેટલાક મીડિયા અહેવાલો પર સ્પષ્ટતા કરતાં કહ્યું કે પ્રયાગરાજ જંકશન બંધ કરવામાં આવ્યું નથી. મંત્રાલયે જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્ર મુજબ, પ્રયાગરાજ સંગમ સ્ટેશન આ મહિનાની 14 તારીખ સુધી મુસાફરોની અવરજવર માટે બંધ રહેશે. મંત્રાલયે જણાવ્યું હતું કે મહા કુંભ મેળા વિસ્તારની આસપાસના આઠ અન્ય સ્ટેશનો પરથી નિયમિત અને ખાસ ટ્રેનો સરળતાથી ચાલી રહી છે.

(BYTE :ASHWINI VAISHNAV)

# RAJNATH SINH-AERO INDIA SHOW

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે બેંગલુરુમાં ભવ્ય મેગા એરો ઈન્ડિયા શોનું ઉદ્ઘાટન કર્યું,

રાજનાથ સિંહે એરોસ્પેસમાં એશિયાના સૌથી મોટા પ્રદર્શનને સંરક્ષણ ઉત્પાદનમાં આપણી શક્તિ અને સ્થિતિસ્થાપકતાનું પ્રતિબિંબ ગણાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે એરો ઇન્ડિયા દેશની ઔદ્યોગિક ક્ષમતાઓ અને તકનીકી પ્રગતિને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરે છે અને મિત્ર દેશો સાથેના સંબંધોને મજબૂત બનાવે છે.

(BYTE : RAJNATH SINH)

# CIVIL AVIATION MINISTER-RAJYASABHA

નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામામોહન નાયડુએ કહ્યું છે કે સરકાર દેશભરમાં વધુને વધુ વિમાનીમથક બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

આજે રાજ્યસભામાં એક પૂરક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં, નરેન્દ્ર મોદીના પ્રધાનમંત્રી બન્યા પછી, ભારતની આકાંક્ષાઓ બદલાઈ ગઈ છે અને દેશમાં વધુ વિમાનીમથક બનાવવામાં આવી રહ્યા છે.

શ્રી નાયડુએ વધુમાં કહ્યું હતું કે ઉડાન યોજનાએ હવાઈ મુસાફરી પ્રણાલીને વધુ વેગ આપ્યો છે, જેનાથી મધ્યમ અને નીચલા વર્ગના લોકો હવાઈ મુસાફરી કરી શકે છે. તેમણે કહ્યું કે હવાઈ ભાડામાં વધારો માંગ પર આધારિત છે. શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ડ્રોન માટે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના માટે 120 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.